ફોજદારી કેસ નં. **9164/2021**
માંજલપુર પોલીસ સ્ટેશન પાર્ટ એ.11196003200907/2020

## <u>આંક :– ૧ નીચે હુકમ</u>

<u>ફરીયાદી</u>

શ્રી સરકાર

વિરૂધ્ધ.

<u>આરોપી:–</u> **ગીરીશ ચન્દ્રસિંહ રાજપુત**

**૧.** આ કામે વર્તમાન આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ તેમજ ગુજરાત પોલીસ અધિનીયમની કલમ–૭૦ મુજબના ગુન્હાઓ અંગેનું, કલમ–૧૭૩ પ્રમાણે ચાર્જશીટ રજુ કરવામાં આવતા, ચાર્જશીટ તપાસીને રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવેલ તથા સાંભળવા પર મુલત્વી રાખવામાં આવેલ.

**૨.** આ કામે શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી દ્રારા એવી રજુઆત કરી ગયેલ છે કે, સમગ્ર ચાર્જશીટ તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈ યોગ્ય હુકમ કરવા વિનંતી છે.

**૩.** સદરહું ચાર્જશીટ વંચાણે લેતા, આરોપીઓ વિરૂધ્ધ કલમ–૧૮૮ તથા કલમ–૭૦ ના ગુન્હાઓ અંગેનો આક્ષેપ છે. ત્યારે, ફોજદારી કાર્યરીતિ સંહિતાના પ્રકરણ–૧૪, કલમ–૧૯૦ વંચાણે લેવી જરૂરી છે. જેમા, મેજિસ્ટ્રેટ દ્રારા ગુન્હાઓનો સંજ્ઞાન લેવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. આ કલમની શરૂઆતના શબ્દો વંચાણે લેવામા આવે તો''<u>**આ પ્રકરણની જોગવાઈઓને આધિન**</u> ''એટલે કે, કલમ ૧૯૫ ધ્યાને લેવી જરૂરી રહે છે. આ કલમ વંચાણે લેતા, જાહેર નોકરના અધિકારનો તિરસ્કાર, ન્યાય વિરૂધ્ધના ગુન્હા તથા પુરાવામાં આપેલ દસ્તાવેજો સંબંધી **ગુન્હાઓ માટે ફોજદારી કાર્યરીતિ** અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. કલમ–૧૯૫(૧)(ક)(૧) કોઈ પણ

અદાલત ભારતીય દંડ સંહિતાની કલમ–૧૭૨ થી ૧૮૮ (બંન્ને સહીત) હેઠળ સજા પાત્ર કોઈ ગુન્હાઓ અંગેનું સંજ્ઞાન લઈ શકશે નહી. સિવાય કે સંબંધીત જાહેર નોકરે ફરીયાદ કરી હોય અથવા તે જેને આધિન હોય તેવા જાહેર નોકરે લેખીતમાં ફરીયાદ કરેલ હોય. આમ, કલમ–૧૮૮ના ગુન્હા અંગેનું સંજ્ઞાન કાયદાકીય જોગવાઈને લક્ષમાં લેતા લઈ શકાય નહી.આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટના નીચેના ચુકાદાઓમાં પ્રસ્થાપીત કરવામાં આવેલા સિધ્ધાંતો ધ્યાને લેવા જરૂરી છે. જેમા, આ કાયદાની કલમ ૧૯૦ તથા કલમ–૧૯૫ ની વિગતવારની ચર્ચા કરી એવુ ઠરાવવામા આવેલ છે કે, કલમ–૧૮૮ના ગુન્હા અંગેનુ સંજ્ઞાન મેજિસ્ટ્રેટ ચાર્જશીટ ઉપરથી લઈ શકે નહી. **૧.** ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૧૭૪૭૩/૨૦૨૦, સાજીદખાન વાહીદખાન પઠાણ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ **૧૪/૦૬/૨૦૨૧** ૨. ક્રિમીનલ પરચુરણ અરજી નં.૩૧૨૬૪/૨૦૧૬, પરસોતમભાઈ ઓધવજી સોલંકી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૦૪/૧૧/૨૦૨૦ **૩.** ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૧૧૬૭૫/૨૦૧૫, હાજી ઉસ્માન સુલેમાન વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, નિર્ણય તારીખ ૨૨/૦૧/૨૦૨૦ **૪.** સ્પેશ્યલ ક્રિમીનલ અરજી નં. ૪૧૦૫/૨૦૧૭, મોહમ્મદ હુશેન મોહમ્મદ ઈરફાન વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૧૫/૦૨/૨૦૧૯ **૫.** ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૧૭૨૮૬/૨૦૧૭, મેરુભાઈ મેદાભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૧૦/૧૧/૨૦૧૭ ૬. સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન નં.૭૯૧૩/૨૦૧૭, જાહીદ ભગત વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૦૩/૧૧/૨૦૧૭. **૭.** ક્રિમીનલ અરજી નં. ૬૩૨/૨૦૧૫, **ગોર્વધનભાઈ ઠાકોરદાસ અસરાની** વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૧૩/૦૪/૨૦૧૭ ૮. સ્પેશ્યલ ક્રિમીનલ પરચુરણ અરજી નં.૬૨૪૪/૨૦૧૫, નરેન્દ્રસીંહ અર્જુનસીંહ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૨૭/૧૦/૨૦૧૫.

૪. આમ, આ કાયદાની કલમ–૧૯૦, કલમ–૧૯૫ તેમજ ઉપરોકત ચુકાદાઓ લક્ષમાં લેતા, ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનીયમની કલમ–૭૦ ના ગુન્હાઓનું સંજ્ઞાન લઈ શકાય નહી. જેથી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવી કાયદા મુજબ યોગ્ય અને મુનાસીબ જણાતુ ન

હોઈ, સદર કેસની આગળની કાર્યવાહી ડ્રોપ કરતો સી.આર.પી.સી.કલમ–૨૫૮ ની જોગવાઈ મુજબ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**– :: હુકમ :: –**

આથી, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૫૮ પ્રમાણે મળેલ સતાની રૂએ બંધ કરી, આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનીયમની કલમ – ૭૦ ના શીક્ષાપાત્ર ગુન્હાઓમાથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **૧૦**મી માહે **જુલાઈ** સને **૨૦૨૧**ના રોજ વાંચી, સંભળાવી, મારી સહી કરી લોક અદાલતમાં જાહેર કરવામાં આવેલ છે.

( ડી.વાય.પટેલ )
પમાં એડી.જ્યુ.મેજી.ફ.ક.,
વડોદરા.
*CODE No. GJ01515*

તા.૧૦/૦૭/૨૦૨૧
સ્થળ:–વડોદરા.